### માલપુર તાલુકાના જીતપુર ગામ નજીક ટોલટેકસ પાસે

# પીકઅપ ગાડી પર પથ્થરમારો કરી વાહનચાલકને લૂંટવાનો પ્રયાસ

મોડાસા, તા.૩૦

અરવલ્લી જીલ્લા માં નાળાની શરૂઆત થતાં ની સાથે ચોરી લુંટ અને ધાડ ના બનાવો ની શરૂઆત થઈ ગઈ છે નાળો શરૂ થતાં ની સાથે જ તસકરો ને મોકળુ મેદાન મળી જાય છે તેમ ગઈકાલે રાત્રે મોડાસા લુણાવાડા ધોરીમાર્ગ ઉપર ટોલટેકસ થી થોડાક જ અંતરે લુટારૂ ટોળકીએ પથ્થરમારો કરી વાહન ચાલક ને લુટવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

માલપુર તાલુકા ના જીતપુર ગામ નજીક આવેલ ટોરટેકસ થી થોડીક જ દુરી પર રાત્રી ના સુમારે પસાર થઈ રહેલ એક પીકઅપ ડાલા પર માર્ગ ની બન્ને સાઈડ છુપાઈને બેઠેલા લુટારૂ ટોળકીછએ રાતના અંધારા નો લાભ લઈ ને પથ્થામારો કરવામાં આવ્યો હતો જને લઈને વાહનચાલકો માં ગભરાટ ફેલાઈ ગયો છે અને પોલીસ રાત્રી પેટ્રોલીંગ સખ્ત બનાવે તેવી માંગ ઉઠવા પમી છે વિનાયક ગેસ એજન્સી ના ઓકસીજન ના બાટલાનો સપ્લાય લુણાવાડા ની હોસ્પીટલ માં કરવા ગયેલ અને પરત ફરી રહેલ પીકઅપ ગાડી પર પથ્થરમારો થતાં જીપનો ચાલક રાજુભાઈ ગભરાઈ ગયો હતો અને જીવ લઈ ને ગાડી ની પુરઝડપે હંકારી ટોટેકસ પર પહોચી ગયો હતો ત્યારે સુત્રો ધ્વારા જણાવ્યા અનુસાર આ લુટારૂ ટોળકીએ ૨૦ મીનીટ ની અંદર જ ચાર ગાડીઓ ને નીશાન બનાવી હતી અને લુટનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો જયારે આ અંગે ટોલટેકસ અધિકારીઓ એ પોલીસ ને જાણ કરતાં પોલીસે આ વાત જણ્યા પછી પણ કોઈ કાર્યવાહી ના કરતાં વાહનચાલકો માં રોષફેલાયો છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# અરવલ્લીમાં હનુમાન જયંતિની તડામાર તૈયારીઓ

## શયનમુદ્રામાં બિરાજમાન હનુમાનજીની અલૌકિક મૂર્તિ સાકરીયામાં

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લામાં ચૈત્ર સુદ પુનમ-૪-૪-૨૦૧૫ને શનિવારના દિવસે જ હનુમાન જયંતિનો સુગમ સંયોગ સર્જાયો હોવાથી અરવલ્લી જિલ્લાના પવનપુત્રના ભક્તજનોનો આનંદ બેવડાયો. જિલ્લામાં આવેલા બધાજ હનુમાનજીના મંદિરોમાં હનુમાન જયંતિને ચાર જ દિવસનો સમય બાકી હોવાથી મંદિરોમાં પવનપુત્રના જન્મ દિવસની ઉજવણીની વિવિધ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જ્યારે જિલ્લાના હનુમાન ભક્તો પણ શનિવારે જ હનુમાન જયંતિ હોવાથી હનુમાનદાદાના દર્શન કરવા ઈંતેજારીપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સાકરીયા ગામે આવેલી શયન મુદ્રામાં બિરાજમાન પવનપુત્ર હનુમાનજીની અલૌકિક અને અતિ ચમત્કારીક ૮ ફૂટની લંબાઈ ધરાવતી મુર્તિ આવેલી છે, ભારતભરમાં સૂતેલા હનુમાનજીની મૂર્તિ અલ્હાબાદના ત્રિવેણી સંગમના ઘાટ પર ગંગા નદિના કિનારે બિરાજમાન છે, જ્યારે બીજી મૂર્તિ મોડાસા તાલુકાના સાકરીયા ગામની સીમમાં વનરાજી વચ્ચે બિરાજમાન છે. ભારતદેશમાં ફક્ત બે જ પવિત્ર સ્થાનોએ સુતેલા હનુમાનની મૂર્તિ બિરાજમાન છે. અહિં હનુમાનજીના મંદિરમાં અતિ પૌરાણિક વાવ આજે પણ હયાત છે. અહિ હનુમાન દાદાના દર્શન કરવા માટે અરવલ્લી સાબરકાંઠા, મહિસાગર, પંચમહાલ, ખેડા, અમદાવાદ, રાજસ્થાન વગેરેથી હજારોની સંખ્યામાં હનુમાન જયંતિના દિવસે ભક્તો પવનપુત્રના દર્શન કરવા ઉમટી પડે છે. જ્યારે જિલ્લામાં મેઘરજ પહાડિયા હનુમાનજીનું મંદિર, મોડાસામાં આવેલ મેઘરજ રોડ અને માલપુર રોડ પર અને મોડાસાના છલીલપુર મેઢાસણના ગોરીટીંબા હનુમાનજીના મંદિરોમાં હનુમાન જયંતિના દિવસે હજારોની સંખ્યામાં આવનાર ભક્તોને દર્શનાર્થે તકલીફ ના પડે તે માટે મંદિરો દ્વારા વિશેષ તૈયારીઓ હાથ ધરી છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

સાકરીયા ભીડભંજન હનુમાન મંદિરના પ્રમુખ જયેશ પટેલના જણાવ્યા અનુસાર હનુમાન જયંતિના દિવસે હનુમાન ભક્તો દ્વારા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું અને સૂતેલા હનુમાનજીને ચમત્કારીક અને પૌરાણિક હોવાથી અહિ દર વર્ષે હજારોની સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવતા હોવાથી સાકરીયા ગામ અને વિવિધ યજમાન દ્વારા હનુમાન જયંતિના દિવસે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવે છે.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા પત્રકાર એસોસીએશન દ્વારા શનિવારે સુરતમાં પત્રકાર પર થયેલ હુમલા વિરૂદ્ધ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. ગત શનિવારે સુરતમાં મજુરાગેટ આવકવેરા ભવન ખાતે ટ્રેપીંગમાં નાણા સ્વીકારતા કર્મચારીની રીપોટીંગ કરતા પત્રકાર પર ધક્કા મુક્કી કરી કેમેરા આંચકી લઈ તોડી નાંખવાનો પ્રયાસ કરી રીપોર્ટરને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. જેના પ્રત્યાઘાત રૂપે ખેડબ્રહ્મા પત્રકાર એસોસીએશન દ્વારા મંગળવારના રોજ ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી પી.એસ. પ્રજાપતિને આવેદનપત્ર આપ્યું હતું.

# આકરૂન્દ ગામે કારની ટક્કરે વૃદ્ધાનું કરૂણ મોત

વડાગામ, તા. ૩૧

વડાગામ નજીકના આકરૂન્દ ખાતે લાલુકંપા જતા માર્ગ પર પુરપાટ ઝડપે દોડી આવતી કારે વૃદ્ધાને અડફેટે લીધી હતી. જેથી વૃદ્ધાનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

વડાગામ નજીક આકરૂન્દના લાલુકંપા જતા માર્ગ પર એક પાનના પાર્લર પાસે એક વૃદ્ધા ગજીબેન ગોહિલ ઉં.વ. ૭૫ કચરો કાઢી રહ્યા હતા ત્યારે વસીમ યુનુસભાઈ સુથાર નામનો કારચાલક પોતાના કબજાની કાર લઈ આવ્યો હતો અને વૃદ્ધાને અડફેટે લેતાં મહિલાનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

આ મામલે મૃતકના પરિવારજનોએ ધનસુરા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી કારચાલક વિરૂદ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# તલોદની શાળાને કન્યા કેળવણી યોજના અંતર્ગત ૫૦ હજારનો ચેક અર્પણ

તલોદ, તા.૩૧

તલોદની સી.ડી. પટેલ હાઈસ્કૂલનું ચાલુ વર્ષે પરીક્ષામાં ૧૦૦ ટક પરિણામ આવતા કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત શાળાના નામે મુખ્યમંત્રીના હસ્તે રૂ. ૫૦ હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદની સી.ડી. પટેલ હાઈસ્કૂલનું માર્ચ ૨૦૧૪માં લેવાયેલ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં પરિણામ ૧૦૦ ટકા આવ્યું હતું જેથી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત આ શાળાની પસંદગી કરવામાં આવી હતી. દરમિયાન ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આયોજીત પુરસ્કાર વિતરણ સમારંભમાં મુખ્યમંત્રી આનંદીબેનના હસ્તે શાળાના આચાર્ય જે.એન. પટેલને ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

શાળાને પુરસ્કાર મળવા બદલ ધી તલોદ કેળવણી મંડળ ના પ્રમુખ રોનકભાઈ પટેલ મંત્રી તુષારભાઈ પટેલ તથા કારોબારી સભ્યોએ આચાર્યને અભિનંદન પાઠવ્યા હતા.

# ડીસા તાલુકામાં કમોસમી વરસાદનો વિવાદિત સર્વે : ખેડૂતોમાં રોષ

ડીસા, તા. ૩૧

ડીસા તાલુકા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ગત ૧૩ માર્ચના રોજ વાવાઝોડા સાથે ત્રાટકેલા વરસાદે ખેતી પાકોને વ્યાપક નુકશાન કર્યું હતું. જેમાં ખેડૂતોને થયેલ નુકશાનમાં ડીસા તાલુકામાં ખેતીવાડી વિભાગે હાથ ધરેલ સર્વે માત્ર ૩ ગામો સુધી સીમિત હોઈ અન્યોને અન્યાય થયો છે અને આ મામલે ખેડૂતોમાં રોષ જોવા મળ્યો હતો.

ગુજરાતમાં કમોસમી વરસાદથી થયેલા કૃષિ પાકના નુકશાનની સમિક્ષા કરવા કેન્દ્રીય સહેરી વિકાસ મંત્રી વેંકૈયા નાયડુ ગાંધીનગર આવ્યા હતા. જેમને મુખ્યમંત્રી આનંદીબેન પેટેલે રાજ્યમાં ૧.૮૦ લાખ હેક્ટરમાં પાકને નુકશાન થયાનું જણાવ્યુ હતું એટલું જ નહિ આ કમોસમી વરસાદમાં ૨૫ થી ૫૦ ટકા સુધીના નુકશાનમાં પણ વળતર આપવા અનુરોધ કર્યો હતો.

જો કે આ સમિક્ષા વચ્ચે બનાસકાંઠાના ડીસા તાલુકાની વાત કરીએ તો અહી ૧૩ માર્ચ ૨૦૧૫ના રોજ ખાબકેલા વાવાઝોડા સાથેના વરસાદે વ્યાપક નુકશાન વેર્યુ હતુ અને વાવાઝોડા સાથે ત્રાટકેલા વરસાદમાં પવનની ગતી પ્રતિ કલાક ૧૨૦ કિલોમીટરની હોવાનું હવામાન વિભાગના રેકર્ડમાં નોંધાયું હતું. જેના કારણે ભારે ગતિના પવન સાથે વરસાદ પડતા ઘઉ, એરંડા, વરીયાળી અને બટાટાનાં ઉભા પાકને વ્યાપક નુકશાન થયું છે. જેમાં દાંતા, અમીરગઢ, વડગામ, ડીસા સહીતનાં તાલુકા વધારે અસરગ્રસ્ત બન્યા છે. અને ઉભા પાકને વ્યાપક નુકશાન થયુ હતુ. જો કે ડીસા ખાતે આવેલી મદદનીશ ખેતી નિયામકશ્રીની કચેરીએ ડીસા તાલુકાના માત્ર કરા પડેલા ત્રણ ગામો રસાણા મોટા, રસાણા નાના અને ભોયણ ગામનો જ નુકશાનને લગતો સર્વે હાથ ધર્યો હતો અને આ ૩ ગામોમાં ખેતી પાકોને ૧૦ ટકા નુકશાન સાથે એક લાખ અગિયાર હજારનું નુકશાન થયાનું જાહેર કર્યુ હતુ. જેથી ડીસા તાલુકાના અનેકો ગામોમાં થયેલા વ્યાપક નુકશાનના આંકડા સરકાર સુધી પહોચ્યા જ નથી, સરકારના અધિકૃત કરેલ ખેતીવાડી વિભાગની કચેરીનો આ નુકશાન સર્વે નિષ્કાળજી ભર્યો છે, જો કે વડી કચેરીએ માત્ર કરા પડ્યા હોય તે ગામોનો જ નુકશાન સર્વે હાથ ધરવાનું કહેલ હોઈ અમોએ અન્ય ગામોનો સર્વે કરેલ નથી તેવી સ્પસ્ટ કબુલાત ખેતીવાડી વિસ્તરણ અધિકારી અમરતભાઈ પ્રજાપતિએ કરી હતી.

જ્યારે બીજી તરફ ડીસા તાલુકાનાં આ વિવીદિત સર્વે સામે ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે, અને ડીસા તાલુકામાં માત્ર ૩ ગામો સિવાય વાવાઝોડા અને વરસાદથી પીડિત બનેલા અનેક ગામોમાં સર્વે હાથ ન ધરતા આ ગામો હવે સહાયથી વંચિત બની શકે છે. વળી જે ગામોમાં આ સર્વે હાથ ધરાયો છે તે માત્ર ૧૦ ટકા દર્શાવાયો છે, જેથી ડીસા પંથકના એક પણ ખેડૂતને આ કહેવાતા વિવાદિત સર્વેથી સરકારની કોઈ પણ સહાય મળશે નહિ તેવી સ્થિતિ બની છે. તા. ૧૩ તારીખે ખાબકેલા વરસાદ અનો વાવાઝોડામાં ડીસા તાલુકામાં વાવાઝોડાની ગતી પ્રતિ કલાક ૧૨૦ કિલો મીટર હોઈ ઘઉં, એરંડા, વરીયાળી અને બટાટાના ઉભા પાકને વ્યાપક નુકાન થયું છે, જો કે સરકાર તેમના નીમેલા તંત્રના સર્વેને જ આધારભુત પ્રમાણ માનતી હોઈ આ નુકશાનના વિવાદિત સર્વે સામે ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે, અને સરકારી બાબુઓના આ સર્વે સામે અનેકો સવાલ ઉભા થયા છે.

# ટીસ્કી ગામે મંદિરની જમીન ટ્રસ્ટને ફાળવી દેવાના વિરોધમાં આવેદનપત્ર અપાયું

મોડાસા, તા.૩૦

અરવલ્લી જીલ્લા ના માલપુર તાલુકા ના ટીસ્કી ગામે હાઈવે પર આવેલ મહાદેવજી ના મંદિર ની બાજુ માં આવેલ સરકારી જમીન ટ્રસ્ટ ને ફાળવવા નો મામલો ગરમાતા ટીસ્કી ગામના ગ્રામજનો આજે મોડાસા કલેકટર કચેરી ખાતે પહોચ્યા હતા.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જીલ્લા ના માલપુર તાલુકા નજીક આવેલ ટીસ્કી ગામે મહાદેવજીનુ મંદિર આવેલુ છે આ મંદિર ની બાજુ માં સરકારી જમીન આવેલી છે આ જમીન ઉપર અંબાજી જતાં પદયાત્રીઓ ને વિસામો આપવામાં આવે છે અને ભોજન સમારંભ ની વ્યવસ્થા કરવામાં આવે છે ત્યારે આમ ધાર્મીક કામ માટે વપરાતીી આ જમીન ટીસ્કી ગામના આર્દશ કેળવણી મંડળના ટ્રસ્ટીઓ ધ્વારા શૈક્ષણીક હેતુ માટે માંગણી કરવામાં આવતાં ગ્રામજનો રોષે ધરાયા હતા.

જયારે ગ્રામજનો ધ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આ ટ્રસ્ટ પહેલા સાર્વજનીક ટ્રસ્ટ હતુ પરંતુ હાલ ના પ્રમુખ ધ્વારા જુના પ્રમુખ સામે બળવો કરી કોર્ટ મેટર કરીને પ્રમુખ પદ પચાવી પાડયુ હતુ પહેલા આ ટ્રસ્ટ માં આઠ ગામના લોકો સભ્યો તરીકે હતા પરંતુ હાલ ની તારીખ માં ટીસ્કી ગામના બે જ સભ્યો જયારે બાકી ના સભ્યો પ્રમુખ ના સગાવાડા હોઈ આ લોકો ધ્વારા આ ટ્રસ્ટ મનસ્વી રીતે ચલાવા માં આવે છે અને માંગવામાં આવેલી જમીન આ ટ્રસ્ટ ને ના ફળવાય તેવી માંગણી સાથે આજે ગ્રામજનો ધ્વારા અરવલ્લી જીલ્લા ના ઈન્ચાર્જ અધિક કલેકટર ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ અને જો આ બાતે યોગ્ય કાર્યવાહી નહી કરવામાં આવે તો ગ્રામજનો ધ્વારા આગામી સમય માં ગાંધીચિધ્યા માર્ગે આમરણાંત ઉપવાસ પર ઉતરવાની પણ ચીમકી ઉચ્ચારી હતી.


(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાતોરાત તમામ અધિકારીની બદલી

## નાની મોટી દસ ક્ચેરીઓના અધિકારીઓની બદલી : રાતોરાત બદલી થતા અનેક તર્ક વિતર્કની ચર્ચાઓ : સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના કલેક્ટરોની પણ બદલી

પ્રાંતિજ, એપ્રિલ, ૧

સાબરકાંઠા જિલ્લામાં અને અરવલ્લી જિલ્લામાં આવેલ વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીઓની એક સાથે બદલીના ઓર્ડર થતાં ફરજ બજાવતા અધિકારીઓમાં સોપો પડી ગયો છે અને ઓર્ડર મુજબ તાત્કાલિક જે તે સ્થળે જેતે જિલ્લામાં હાજર થવાનું કહેવામાં આવ્યું છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલ કલેક્ટર કચેરીથી માંડી મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, પોલીસ સ્ટેશન, વાણિજ્ય કચેરી સહિત નાની મોટી ઓફિસો કચેરીઓમાંથી અચાનક અધિકારીઓની બદલી થતાં તર્ક વિતર્કની વાતો થઈ રહી છે અને રાતોરાત બન્ને જિલ્લાઓમાંથી કલેક્ટરો, પ્રાંતો, ડી.વાય.એસ.પી., એસ.પી., મામલતદારો, ટી.ડી.પી., નાયબ મામલતદારો, પી.આઈ., પીએસઆઈઓ, તાલુકા હેલ્થ ઓફિસરો, સી.ડી.પી.ઓ સહિત વિવિધ શાખામાં ક્લાર્કોની પણ બદલી થતાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં એકદમ રાતોરાતની બદલીએ લોકોને અચંબામાં મુકી દીધા છે અને આની પાછળ કયુ રાજકીય કે કોણ પરદા પાછળ રમત રમે છે તે ચર્ચાનો વિષય બન્યો છે. પણ આમ અચાનક જિલ્લાના કલેક્ટરો સહિતની નાની મોટી બદલીઓ ખાલી આ બે જિલ્લાઓમાં મોટા ભાગે વધુ પડતી થતાં જિલ્લાના કલેક્ટરો સહિત સૌ કોઈ પદાધિકારીઓ અચંબામાં પડી ગયા છે અને અમુક અધિકારીઓને તો દૂર દૂર જિલ્લા ફેર મુકવામાં આવતા તેવા અધિકારીઓમાં સોપો પડી ગયો છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરના અતિ પ્રાચિન સ્વયંભુ બાલસ્વરૂપ કંથેરના ઝાડના થડ નીચેથી પ્રગટ થયેલા કંથેરીયા હનુમાન ધામ સાથે સંકળાયેલ ઐતિહાસિક તથ્યોનું સંશોધન કરી તેનું પુસ્તિકારૂપે પ્રકાશનનું વિમોચન આજ રોજ કંથેરિયા હનુમાન ધામ ખાતે પૂ. ક્ષીપ્રાગીરીજી બાપુના મુખે યોજાઈ રહેલ રામકથામાં વ્યાસપીઠ ઉપરથી પૂ. ક્ષીપ્રાગીરી બાપુ તેમજ સંતો અને ગણમાન્ય આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ પત્રકાર અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગુજરાતના ડાયરેકટર ગણપતભાઈ જોષી દ્વારા કરાયેલ સંપાદીત કરાયેલ આ પુસ્તિકા બદલ વ્યાસપીઠ ઉપર તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્ષ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧